
ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# આસપાસ ચોપાસ

## આરાધનાધામબનેલામંદિરોનાપટાંગણમાં વિવિધ ધાર્મિક ઉત્સવોની ઉજવણી






બોરસદ તાલુકાના મોટી શેરડી ગામ ખાતે ખુબ પૌરાણિક અને ઐતિહાસિક એવુ મહાદેવ મંદિર, શનિદેવનું ખૂબ જ સુંદર અને ભવ્ય મંદિર આવેલું છે, મંદિર ખાતે અનેકવિધ ધાર્મિક ઉત્સવોની ઉજવણીઓ કરવામાં આવે છે, પરંપરાગત રીતે દર વર્ષે ઉજવાતા પાટોત્સવનો અહીંયા ખૂબ જ રૂડો મહિમા છે, જ્યાં દિવ્ય પાટોત્સવની દર વર્ષે ઉજવણી કરવામાં આવે છે, જેમાં હર્ષોલ્લાસ સાથે ખૂબ જ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો તથા ગ્રામજનોએ જોડાઈને નીજ મંદિરના દેવ દર્શન કરીને ધન્યતા અનુભવે છે.દેવ મંદિરોમાં ગામના શ્રદ્ધાળુઓ અતુટ આસ્થા ધરાવે છે. ગામમાં મુખ્ય ચોકમાં ખોડીયાર માતાનું સુંદર મંદિર આવેલું છે. ગામમાં પ્રવેશતા જ નયનરમ્ય મંદિર જણાય આવે છે. આ ઉપરાંત ગામમાં, શ્રી મહાકાળી માતાજીનું



મંદિર, શ્રી ભાથીજી મહારાજનું મંદિર , શ્રી રામદેવપીર મંદિર આવેલા છે. ગામના દરેક મંદિરોમાં દરરોજ સવાર-સાંજ બંને સમયે પુજારીઓ અને સ્થાનિક રહીશો દ્વારા નિત્યક્રમ મુજબ પુજા-આરતી કરવામાં આવે છે. ગામમાં વસવાટ કરતા તમામ જાતિના લોકો ખુબ આસ્થા સાથે વર્ષ દરમ્યાન વિવિધ ધાર્મિક તહેવારોની ખુબ સંપ અને એકતાથી આસ્થા પૂર્વક ઉજવણી કરે છે. ગામમાં ઉજવાતા મુખ્ય તહેવારોમાં નવરાત્રી, દિપાવલી, નૂતનવર્ષ, જન્માષ્ટમી, રામનવમી,



હોળી, હનુમાન જયંતિ વગેરે વાર તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીમાં ગામની તમામ જાતિના લોકો ઉપસ્થિત રહી આનંદ સાથે ઉજવણી કરે છે. મહાદેવ નું મંદિર છેલ્લા ઘણા વર્ષોથી શ્રધ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર સ્થાન ગણાય છે. વર્ષો અગાઉ ગામમાં પ્રવેશતાં અગાઉ વિશાળ જગ્યામાં વિસ્તાર પામેલું અને અંદાજે સાતસો કરતાં વધુ વર્ષોનું પૌરાણિક ગણાતું મંદિર હતું, આ મંદિર ખુબ નાનું હતું. પરંતુ સમયાંતરે શ્રધ્ધાળુઓ અને દર્શનાર્થે આવતા દાતાઓ દ્વારા સખાવત કરવામાં આવતા ખુબ મોટા મંદિરનુ નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મંદિર પરિસરમાં મૂર્તિઓ પણ દાતાઓ દ્વારા સ્થાપિત કરવામાં આવી છે. મંદિર ગર્ભગૃહમાં પ્રવેશ માર્ગ પર બન્ને બાજુ હિન્દુ દેવી દેવતાઓના દર્શનનો લાભ લઈને દર્શનાર્થીઓને અદભુત આનંદની તૃપ્તિ થાય છે. મંદિરના પ્રવેશદ્વારને પણ દાતાઓના સહયોગથી નિર્માણ કરીને નયનરમ્ય બનાવવામાં આવ્યું છે. મંદિરે સ્થાનિક રહીશોને જરૂરીયાત સમયે યોગ્ય સુવિધા ઉપલબ્ધ રહે તેવી વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

## દુધમંડળીનીવ્યવસ્થાપકકમિટીમાંપાંચ વર્ષ માટે 11 સભ્યો વહીવટ સંભાળે છે



# મોટી શેરડી

મોટી શેરડી ગામની દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં પશુપાલકો દરરોજ દૂધ જમા કરાવી પૂરક રોજગારી મેળવી રહ્યા છે. દૂધ મંડળી ખાતે રોજનુ પાંચસોથી સાતસો લીટર જેટલું દુધ ભરાય છે. ગામમાં દુધાળા પશુઓમાં ભેંસો અને દેશી ગાયો વધુ છે. દુધ ઉત્પાદક સહકારી મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં પાંચ વર્ષની સમય મર્યાદા માટે 11 સભ્યો વહીવટી કામકાજ સંભાળી રહેલ છે. ગામના લોકો માટે રોજીંદી આવકનો મુખ્ય આવકનો સ્ત્રોત ખેતી છે.. ગામ લોકો પશુપાલનમાં દેશી ગાયો અને ભેંસો રાખે છે. દુધ મંડળી દ્વારા અમુલ ડેરીના સહયોગથી સામુહિક અકસ્માત વિમા યોજનાનો લાભ આપવામાં આવે છે. જે અંતર્ગત દુધ ભરતા સભાસદોને

**દુધ ભરતાસભાસદોને અકસ્માતના સંજોગોમાં મૃતકના વારસદારોને બે લાખ વીમા રકમ ચુકવવામાં આવે છે**

અકસ્માતના સંજોગોમાં મૃતકના વારસદારોને બે લાખ ઉપરાંતની વીમા રકમ ચુકવવામાં આવે છે.

દુધ ઉત્પાદક સહકારી મંડળી મોટી શેરડીમાં હાલમાં ચેરમેન તરીકે રઈજીભાઈ ચતુરભાઈ મકવાણા જ્યારે વાઈસ ચેરમેન તરીકે જગદીશભાઈ ગણપતભાઈ મકવાણા જવાબદારી સંભાળે છે. જ્યારે વ્યવસ્થાપક કમિટીમાં પથુભાઈ મોહનભાઈ મકવાણા, અશોકભાઈ હઠીભાઈ મકવાણા, નટુભાઈ મહિજીભાઈ મકવાણા, ભઈલાલભાઈ ઈશ્વરભાઈ મકવાણા, અલ્પાબેન રંજીતભાઈ મકવાણા, રમીલાબેન જયેન્દ્રસિંહ મકવાણા, ભઈલાલભાઈ ઉદેસિંહ પરમાર, ઈશ્વરભાઈ ખોડાભાઈ મકવાણા, મહેન્દ્રભાઈ મહિજીભાઈ મકવાણા નિયુક્ત થયેલ છે.

## સમસ્યા : કોમ્યુનિટી હોલ, સમાજવાડી, બેન્ક અને ઉદ્યોગ માટે મુશ્કેલીઓ છે



મોટી શેરડી ગામમાં હાલમાં શિક્ષિત યુવાનો અને નિષ્ણાત કારીગરો માટે રોજગારીની વિકટ સમસ્યાનો ઉકેલ લાવવો જરૂરી છે. ગામમાં માધ્યમિક શિક્ષણથી માંડીને સ્નાતક અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરનાર યુવાનોનો સંખ્યા નોંધપાત્ર છે. પરંતુ સ્થાનિક વિસ્તારમાં રોજગારી ના મળવાથી દૂરના શહેરી અને ઔધોગિક વિસ્તારમાં નોકરી રોજગારી માટે જવું પડે છે. રોજગારી સાથે સાથે સ્થાનિક રહીશોને લગ્ન, સગાઈ, સ્નેહ મિલન કે ખાસ બેઠક આયોજિત કરવા માટે કોઈ વ્યવસ્થા હાલમાં ઉપલબ્ધ નથી. સરકારી યોજના હેઠળ કોમ્યુનિટી હોલ બનાવવામાં આવે તેવી માંગ સ્થાનિક લોકો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ગામમાં હાલમાં કોઈપણ બેન્કની શાખા કાર્યરત નથી. જેથી નાણાકીય વ્યવહાર માટે મોટી શેરડીના ગ્રામજનોને નજીકના કિંખલોડ ભાદરણ ખાતે અથવા તાલુકા મથક બોરસદ ખાતેની વિવિધ બેન્કોની શાખાઓમાં નિર્ભર રહેવું પડે છે.

**સ્થાનિક વિસ્તારમાં રોજગારી ના મળવાથી દૂરના શહેરી અને ઔધોગિક વિસ્તારમાં નોકરી રોજગારી માટે જવું પડે છે**

## ભાઠાની કોરાટ જમીનમાં તમાકુનુ ઉત્પાદન થતું હોવાથી ઉંચુ વળતર



બોરસદ પંથકના મોટી શેરડી સહિત વિવિધ ગામોમાં ઉત્પાદન કરાતી તમાકું કરતાં મહી કાઠાગાળાના ગામો કોરાટ જમીનમાં તમાકુ પાક થાય છે.તેના કારણે પિયત તમાકુ કરતાં તેનો કસ વધારે હોય છે. તેની પત્તી પણ સારી પડે છે.જેથી મોટા શહેરોમાં આવેલી તમાકુની બનાવટ બનાવતી કંપનીઓ કોરાટ તમાકુ લઇ જાય છે. તેની સિગારેટ, બીડી અને પાન મસાલામાં તેનો ઉપયોગ વધુ થાય છે. જેથી ગંભીરા ભાઠા મંડળી દર વખતે કલકતા અને અન્ય શહેરોમાં મોટી સંખ્યામાં ખરીદવા માટે આવે છે.તેની હરાજી થાયછે. જેથી તમાકુના ભાવ વધારે આવે છે. આણંદ જિલ્લામાં ગંભીરા ભાઠા સહકારી મંડળી દ્વારા 299 જેટલા ખેડૂતો ભેગા મળીને તમાકુ પકવે છે. પિયત વગરની તમાકુ હોવાથી કસ વધુ હોય છે.જે ખરીદવા માટે દરવર્ષે મંડળી દ્વારા હરાજી રાખવામાં આવે છે.તેના ભાવ પડયા બાદ ચરોતરની સામાન્ય તમાકુના ભાવ પડે છે.

**તમાકુની બનાવટ બનાવતી કંપનીઓ કોરાટ તમાકુ લઇ જાય છે. તેની સિગારેટ ,બીડી અને પાન મસાલામાં તેનો ઉપયોગ વધુ થાય છે**

## પ્રાથમિક શાળાની શિક્ષણ પદ્ધતિ, બાળકો પ્રત્યેનો અભિગમ, વિવિધ સુવિધાઓ અનુકરણીય બની છે


(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)

શૈક્ષણિક જગત માટે પ્રેરણારૂપ અને ગર્વ લઈ શકાય અને આદર્શ શાળા કહીં શકાય એવી સરકારી પ્રાથમિક શાળા મોટી શેરડી. આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના મોટી શેરડી ગામ તાબાની સરકારી ગુજરાતી પ્રાથમિક શાળા છે. પ્રાથમિક શાળાની શિક્ષણ પદ્ધતિ, બાળકો પ્રત્યેનો અભિગમ, વિવિધ સુવિધાઓ અને સ્વચ્છતા સહિતના અનેકવિધ મુદ્દાઓ ખુબ જ અનુકરણીય ઉદાહરણ રૂપ બનેલ છે. સરકારી પ્રાથમિક શાળા ગામના પાદરમાં પ્રવેશતાં જ આવેલ છે. આ શાળામાં આશરે 275થી પણ વધારે બાળકો અભ્યાસ કરે છે. આ શાળામાં પ્રવેશતાં જ મન પ્રસન્ન થઈ જાય છે, પ્રાથમિક શાળામાં બપોરના સમયે વિદ્યાર્થીઓ ટુકડીઓ બનાવીને નીચે બેસીને જમે છે. જેનાથી તેમનામાં સમુહ ભાવનાના જેવા ગુણોનું સિંચન થાય છે, શાળાનુ શિક્ષણકાર્ય પણ ખૂબ જ સુંદર છે. બાળકોને અભ્યાસક્રમ સરળતાથી સમજાવી શકે તેવા વિષય નિષ્ણાત શિક્ષકો છે. શાળામાં બાળકો સ્વૈચ્છિક રીતે આ નિયમોનું ચુસ્ત પાલન કરે છે. સ્વચ્છતા બાબતે પણ આ શાળા અવ્વલ નંબરે છે. આટલી મોટી સંખ્યામાં બાળકો હોવા છતાં બાળકો પોતે સ્વયં સ્વચ્છતા જાળવે છે. શાળાના સમગ્ર પરિસરમાં વિવિધ પ્રકારના આયુર્વેદિક ફુલ છોડ, વનસ્પતિનો પણ ઉછેર કરાયો છે. જેથી સમગ્ર શાળા હરિયાળી છવાયેલી જોવા મળે છે. આ બધું ત્યારે શક્ય બને જ્યારે તેનુ સંચાલન યોગ્ય વ્યક્તિના હાથમાં હોય છે. જેનો શ્રેય જાય છે સફળ માર્ગદર્શન અને સંચાલન કરનાર, શાળાના ઉત્સાહી, પ્રેમાળ અને લોકચાહના મેળવનાર આચાર્ય અને શિક્ષકગણને. શાળાના તમામ શિક્ષકોની ફરજ નિષ્ઠા , સમય સુચકતા, અને અથાક મહેનતના ફળ સ્વરૂપે મોટી શેરડી પ્રાથમિક શાળા હાલમાં આદર્શ શાળા અને ઉદાહરણરૂપ શાળા બની છે.

**શાળાની સ્થાપના 6 ડિસેમ્બર, 1906ના રોજ કરવામાં આવી હતી. એટલે કે, શાળાને હવે એક સદીથી વધુસમયનોગૌરવસભર ઈતિહાસ છે**



### શાળા વ્યવસ્થાપન સમિતિ

**અધ્યક્ષ** - ભુપેન્દ્રસિંહ પથુભાઈ મકવાણા, **સભ્ય સચિવ** - પર્વતસિંહ મોહનસિંહ પઢિયાર,
**શિક્ષણવિદ** - ઉદેસિંહ દલપતસિંહ પઢિયાર,
**સભ્યો** - શૈલેશભાઈ હિંમતભાઈ પરમાર, હિરલબેન કિરીટસિંહ મકવાણા - મહિલા પ્રોમિનન્ટ સભ્ય, ભરતભાઈ ઈશ્વરભાઈ મકવાણા, પારૂલબેન ખોડસિંહ પઢિયાર, દક્ષાબેન સંજયકુમાર વાળંદ, મિતલબેન અજયકુમાર મકવાણા, અલ્પાબેન રંગીતભાઈ મકવાણા, રેખાબેન બુધાભાઈ મકવાણા, ભરતકુમાર શાંતિલાલ વાળંદ, મનુભાઈ મુળજીભાઈ મકવાણા